# બાલીસણા તથા હિંમતનગર ખાતે આકાશમાં અદ્રશ્ય વસ્તુ દેખાતા લોકોમાં કુતુહલ



પ્રાંતિજ તા. ૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના બાલીસણા તથા હિંમતનગર સહિત ગુજરાત ના કેટલાક ભાગમા રહસ્યમય આકાશ મા અદ્રશ્ય વસ્તુ દેખાતા લોકોમા કુતુહલ જોવા મળ્યુ હતુ તો લોકો ધરોમાંથી બહાર દોડી આવી પોતાના મોબાઈલ મા વિડીયો બનાવતા જોવા મલ્યા હતા તો વિડીયો સોશિયલ મીડીયામા વાયરલ થયો પ્રાંતિજના બાલીસણા ખાતે તથા હિંમતનગર સહિત ગુજરાત ના કેટલાક ભાગમા રહસ્યમય આકાશ મા અદ્રશ્ય વસ્તુ દેખાઈ હોવાની ચર્ચાઓએ જોર પકડયુ છે તો લોકો ધરોમાંથી બહાર દોડી આવીને વિડીયો ઉતાર્યો હતો તો લોકમુખે ચર્ચાઈ રહ્યુ છેકે રેલગાડી જેવુ હતુ અને અવાજ પણ રેલ્વે જેવો હતો તો સાંજ ના સાત કલાકે અધારૂ હોય સ્પસ્ટ રીતે જોઈ શકાયુ નહતુ પણ ધરોમાંથી લોકો દોડી આવ્યા હતા અને લોકો પોતાના મોબાઈલ મા વિડીયો ઉતાર્યો હતો અને આ વિડીયો સોશિયલ મીડિયા મા વાયરલ કર્યો હતો ત્યારે હાલતો વાયરલ વિડીઓ ને લઈ ને લોકોમાં અનેક ચર્ચાઓએ જોર પકડયુ હતુ અને સાથે-સાથે આકાશ મા અદ્રશ્ય વસ્તુ ને લઈ ને કુતુહલ પણ લોકોમા જોવા મલ્યુ હતુ

## જાહીદભાઈ મિરઝાંની પુત્રીને આશીર્વાદ આપ્યા

# બાયડમાં મિરઝાં પરિવારના ત્યાં લગ્ન પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની વિશેષ હાજરી

## ભાજપમાં સબંધ જાળવવાનું આગેવાનો પૂર્વ મુખ્ય મંત્રી પાસેથી શીખે

બાયડ, તા.૩

ભાજપના આગેવાનોએ સબંધો કેમ સાચવવા તે શીખવું હોય તો પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીથી બીજું કોઈ ઉમદા દ્રષ્ટાંત ન હોઈ શકે. બાયડમાં કેળવણી ક્ષેત્રે આગવી નામના મેળવનાર એમ. કે. મિરઝાં પરિવારના ત્યાં લગ્નના અવસરમાં રાજ્યના પૂર્વ મુખ્ય મંત્રીએ ૪૦ મીનીટથી પણ વધુ સમય માટે હાજર રહી જાહીદભાઈ મિરઝાંની પુત્રીને લગ્ન પ્રસંગે આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ પરિવારના સર્વ સભ્યોના વિશેષ ખબર અંતર પૂછ્યા હતા.પ્રાપ્ત જાણકારી અનુસાર રાજકારણમાં કોઈ પદ



કાયમી હોતું નથી પરંતુ સબંધો બહુ મૂલ્યવાન હોય છે. પરંતુ વર્તમાન સમયમાં યુઝ એન્ડ થ્રો..ની નીતિમાં અનેક પાયાના કાર્યકરોના ત્યાં પ્રસંગ આવે ત્યારે મોટા નેતા દેખાતા નથી. રાજ્ય વ.ક.ફ. બોર્ડના પૂર્વ સભ્ય અને લઘુમતી સમાજના યુવા અગ્રણી, બાયડ હાઈસ્કુલના શિક્ષક સાજીદભાઈ મિરઝાં પરિવારના ત્યાં જાહીદભાઈ મિરઝાંની દિકરીના લગ્ન તા.૩૧ જાન્યુઆરીએ આયોજીત થયા હતા. આશ્ચર્ય વચ્ચે પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ લઘુમતી પરિવાર સાથેના પોતાના આત્મિય સબંધની નોંધ રાખી લગ્ન પ્રસંગમાં સમી સાંજે આવી પહોંચ્યા હતા. મિરઝાં પરિવાર ધનસુરા તાલુકાના ઉજળેશ્વરમાં મોટા શૈક્ષણિક સંકુલ સાથે વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપી રહ્યું છે અને કેળવણી ક્ષેત્રે સમગ્ર પંથકમાં આગવું યોગદાન આપનાર મિરઝાં પરિવારની દિકરીના લગ્નમાં પૂર્વ મુખ્ય મંત્રીની હાજરીથી પ્રસંગ વધુ દૈદિપ્યમાન બન્યો હતો. લગ્ન પ્રસંગે પૂર્વ મુખ્ય મંત્રી ઉપરાંત અરવલ્લી જિલ્લા સમાહર્તા ડૉ.નરેન્દ્રકુમાર મીણા સહિત રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો, વેપારીઓ, ઉદ્યોગકારો અને કેળવણીકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં રવી પાક માટે ૧૦ માર્ચથી ટેકાના ભાવે ખરીદી થશે

## રજીસ્ટ્રેશન શરુ, ૨૮ ફેબ્રુઆરી સુધી નોંધણી

બાયડ, તા.૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકાર દ્વારા ખરીફ તથા રવી પાક અંતર્ગત તુવેર, ચણા અને રાયડા સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદી તા. ૧૦ માર્ચથી શરુ થવાની શક્યતા છે. જિલ્લામાં ખેતરોમાં રવી સીઝનની ખેતીના વિવિધ પાકો તૈયાર થાય તે પૂર્વે સરકાર દ્વારા ટેકાના ભાવની ખરીદી માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે જેમાં તા.૧ થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રોના માધ્યમથી તેમજ નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ ઉપરથી નોંધણી શરુ કરવામાં આવી છે.

ખેતીની દરેક સીઝનમાં ખેડૂતોને પાક ઉત્પાદનના પોષણક્ષણ યોગ્ય ભાવ મળી રહે તે માટે સરકાર વિવિધ એજન્સીઓના માધ્યમથી ટેકાના ભાવે ખરીદી કરતી હોય છે. આ વર્ષે રવી સીઝન દરમ્યાન જિલ્લામાં ખેડૂતોએ પરંપરાગત પાક સાથે તુવેર, ચણા અને રાયડાની ખેતી કરી હોવાના કારણે ખેડૂતોને પૂરતા પ્રમાણમાં તેના ભાવ મળે તે માટે હવે રવી સીઝનને ધ્યાનમાં રાખી ટેકાના ભાવે ખરીદી કરવા માટે સરકારે તૈયારીઓ કરી છે. સંભવિત રીતે આગામી ૧૦ માર્ચથી જિલ્લામાં ટેકાના ભાવે તુવેર, ચણા અને રાયડાની ખરીદી શરુ થવાની છે. જેમાં સરકારે તૂવેર માટે ક્વિન્ટલ દીઠ રુ ૬૬૦૦, ચણા માટે રુ ૫૩૩૫ અને રાયડા માટે રુ ૫૪૫૦ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. રવી પાક માટે પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ટેકાના ભાવે ખરીદી આગામી તા.૧૦ માર્ચથી શરુ થવાની છે જેમાં ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વી.સી.ઈ. મારફતે નોંધણી કરાવવાની રહેશે. આ ઉપરાંત ખેડૂતો નાફેડના ઈ- સમૃદ્ધિ પોર્ટલ ઉપર નોંધણી કરાવી શકશે. જિલ્લામાં પાછલા કેટલાક વર્ષોથી ખેતરોમાં ભેલાણ અને વિષમ હવામાનની સ્થિતિના કારણે ખેડૂતો તૂવેર, ચણા અને રાયડાની ખેતીમાં નિરસ બની રહ્યા છે. તેમ છતાં જે કોઈ ખેડૂતોએ ઉપરોક્ત પાકનું વર્તમાન સીઝનમાં વાવેતર કર્યું છે તેમને મહત્તમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવ ખરીદીનું આયોજન થઈ રહ્યું છે.

### માર્ચ મહિનામાં ટેકાના ભાવે ખરીદી સંભવ - ખેતી અધિકારી

અરવલ્લી ખેતી અધિકારી પી.બી.પરમારે જણાવ્યું હતું કે રવી સીઝન માટે સરકાર દ્વારા આગામી માર્ચ મહિનામાં તૂવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી સંભવ છે પરંતુ હજી સુધી અમને ઠરાવ અંગેની નકલ મળી નથી પરંતુ ટેકાનો ભાવ જાહેર થઈ ગયો હોવાથી સમગ્ર રાજ્યમાં ૧૦ માર્ચથી ટેકાની ખરીદીનો આરંભ થવાની શક્યતા છે.

# પ્રાંતિજ અવર ઓન વિધાવિહાર ખાતે વિજ્ઞાન અને કલા પ્રદર્શન તથા ફુટ ફેસ્ટિવલ કાર્યક્રમ યોજાયો

## પ્રાન્ત અધિકારીના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામા આવ્યો



પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન વિધાવિહાર સ્કુલ ખાતે વિજ્ઞાન અને પ્રદર્શન તથા ફુટ ફેસ્ટિવલ કાર્યક્રમ યોજાયો હતો જેમા વિધાર્થીઓએ વિજ્ઞાન ની કુર્તિઓ સાથે કલાકૃતિઓ પ્રદર્શિત કરી હતી

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તાર માં આવેલ કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓ પૈકી અવરઓન વિધાવિહાર ખાતે વિજ્ઞાન અને કલા પ્રદર્શન તથા ફુટ ફેસ્ટિવલ કાર્યક્રમ યોજાયો હતો જેમા વિધાર્થીઓએ વિજ્ઞાન ની ૫૦ કરતા વધુ કૃતિઓ તથા આર્ટ એન્ડ ફાકટ ની ૭૦ કરતા વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરી હતી જેમા વિજ્ઞાન પ્રદર્શન માં રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ટેરેસ ગાર્ડન , ફાટર એલાર્મ સિસ્ટમ વોલ્કેનો સહિત આર્કષક કુતિઓ રજુ કરી હતો ત્યારે બાળકોએ વેસ્ટ માંથી બેસ્ટ , વુડન પેપર વર્ક જેવી વિવિધ કલાકૃતિઓ રજુકરી હતી તો ફૂડ ફેસ્ટિવલ માં ખીચું, ચણા ચોર , મંચુરીયન, સૂપ ભેળ પકોડી સમોસા , લાઈવ જલેબી જેવી વાનગીઓનો સ્વાદ માણવા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન. ડોડીયા , સંસ્થાના મંત્રી રઈશભાઈ કસ્બાતી , આચાર્ય પરેશભાઈ પરમાર સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો

# અરવલ્લી : માલપુર તાલુકામાં માઈક્રો ફાઈલેરિયા(હાથીપગો) સર્વેલેન્સ કામગીરી

મોડાસા,તા. ૩

હાથીપગાનો રોગએ ક્યુલેક્સ મચ્છર મારફતે ફેલાય છે અને આ મચ્છર ગંદા પાણીમાં ઈંડા મૂકે છે આ મચ્છર રાત્રે કરડે છે અને રોગ ફેલાવે છે હાથીપગાનો રોગ થયા પછી તેની અસર ૫ વર્ષ પછી દેખાય છે આ રોગ એલીમીનેશન તરફ હોય નોન એન્ડેમીક વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરવાની થતી હોય માલપુર તાલુકામા મુખ્ય



જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને જીલ્લા મેલેરિયા અધિકારી અરવલ્લી જિલ્લા પંચાયત માર્ગદર્શન હેઠળ અને તાલુકા આરોગ્ય કચેરીના સહયોગથી પ્રા.આ. કેન્દ્ર રંભોડાના જાલમખાંટના મુવાડા ગામમાં અને પ્રા.આ. કેન્દ્ર સાતરડાના અણીયોર - ત્રિકમપુર ગામમાં આરોગ્યની ટીમ મારફતે તારીખ ૩૦-૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ આરોગ્ય શિક્ષણ, સર્વેલન્સની કામગીરી અને લોહીના નમુના રાત્રે ૮ થી ૧૨ ના સમયમાં લેવાની કામગીરી હાથધરાવામાં આવી હતી. આ સર્વેલન્સની કામગીરી પહેલા આરોગ્યની ટીમને તાલીમ આપવામાં આવેલ અને ઘરે ઘરે જઈને કુલ ૧૧ ટીમ મારફતે બંને ગામમાંથી ૪૮૨ ઘર અને ૧૯૫૩ વસ્તી આવરી લઈને ૨૦ વર્ષથી વધુ ઉંમરના વ્યકિતઓમાંથી એક સાઈટ પરથી ૩૦૦-૩૦૦ એમ કુલ ૬૦૦ લોહીના નમુના લેવામાં આવેલ છે જેની તપાસ પ્રા.આ. કેન્દ્રના તાલીમબધ્ધ લેબોરેટરી ટેકનીશીયન મારફતે કરવામાં આવેલ છે અને કોઈપણ વ્યકિતમાં હાથીપગાનો રોગ જોવા મળેલ નથી. તમામ કામગરીનું જિલ્લા તેમજ તાલુકા કક્ષાએથી સુપરવિઝન અને મોનીટરીંગ કરવામાં આવેલ.

# પ્રાંતિજ ખાતે શ્રી વિશ્વકર્માંમાં ભગવાનની જન્મ જયંતીની દબદંબાભેર ઉજવણી

## ભક્તોએ દાદાના દર્શન કરી પ્રસાદ લઇ ધન્યતા અનુભવીઃ સુથાર, સથવારા, કડીયા સમાજનાં ભાઇઓ સહિત હાથકલા કારીગરી સાથે સંકળાયેલા ભાઇઓએ ધંધા રોજગાર બંધ રાખ્યા



પ્રાંતિજ તા. ૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રી વિશ્વકર્મા જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવાર થીજ શ્રી વિશ્વકર્મા દાદા ના મંદિરે ભક્તો ની ભીડ જોવાં મળી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ વૈશ્ય સુથાર રામજીમંદિર માં સર્જન હાર ઈસ્ટદેવ શ્રી વિશ્વકર્મા જન્મ જયંતી ની ઉજવણી ખૂબજ ધામધુમથી કરવામાં આવી હતી અને વહેલી સવારે મંદિરમાં મંગલા આરતી પંચામૃત અભિષેક, કેશર સ્નાન, દુધા અભિષેક, શણગાર દર્શન, ઈસ્ટદેવ પૂજા , રાજભોગ આરતી , અન્નકુટ દર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતાં જયારે સવારથીજ મંદિરમાં દાદા ના દર્શન કરવાં લોકો ઉમટી પડયા હતા અને મંદિર સંકુલમાં ભકતોની લાંબી લાંબી લાઈનો જોવાં મળી હતી શ્રી વિશ્વકર્મા



જન્મ જયંતિ પર્વ નિમિત્તે કડિયા સુથાર સમાજ દ્વારા પણ પ્રાંતિજ ખાતે આવેલ શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે ધામધુમથી જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી તો સુથાર ,સથવારા ,કડીયા સમાજનાં ભાઈઓએ સહિત હાથ કલાકારી ગરી સાથે સંકળાયેલા ભાઈઓ એ પણ ધંધારોજગારો બંધ પાડયા હતાં જયારે મંદિર માં હવન ભજનકિતન કાર્યક્રમો પણ યોજાયા હતાં અને અને દાદા ના દર્શન કરી ને ભોજન સ્વરૂપે પ્રસાદ લઈને ભક્તોએ ધન્યતા અનુભવી હતી તો મંદિર ના વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ડીસાના ભોંયણ નજીક હિટ એન્ડ રન - રાહદારીનું મોત : અજાણ્યો વાહન ચાલક ફરાર

ડીસા, તા. ૩

ડીસા- પાલનપુર નેશનલ હાઈવે પર ભોયણ ગામ નજીક મોડી સાંજે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક રાહદારી રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે અજાણ્યા વાહન ચાલકે તેને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ વાહન ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જ્યારે રાહદારી પરથી ગાડીનું ટાયર ફરી વળતા કમરથી નીચેના ભાગના ચિથરા ઉડી ગયા હતા અને તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

અકસ્માતની ઘટનાને પગલે આજુબાજુના લોકો તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને તપાસ કરતા મૃતક ખિસ્સામાંથી કૃષ્ણનગર-ડીસાની બસની ટિકિટ મળી આવી હતી. અકસ્માત અંગેની જાણ થતાં જ ડીસા તાલુકા પોલીસ પણ બનાવ સ્થળે પહોંચી હતી અને મૃતકની લાશને પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડી તેના વાલી વારસોની શોધખોળ હાથ ધરી હતી.



# પાલનપુરમાં યોજાનાર અર્બુદા માની રજત જયંતિ મહોત્સવમાં ૫,૦૦૦ મહિલાઓએ સમૂહમાં મહેંદી મૂકી....

પાલનપુર તા.૩

બનાસકાંઠામાં માં અર્બુદા રજત જયંતિ મહોત્સવને લઈને સમગ્ર આંજણા ચૌધરી પટેલ



સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વૃદ્ધો, વડીલો, યુવાનો, બાળકો તેમજ મહિલાઓ માં અર્બુદા ના રજત જયંતિ મહોત્સવને લઈને ખૂબ જ ઉત્સાહી છે. ત્યારે આજે મહિલાઓ દ્વારા જેમ ઘરે પ્રસંગ હોય અને મહેંદી મૂકીને શણગાર સજતા હોય તે રીતે આ માતાજીના પ્રસંગની શરૂઆતમાં આજે ૫૦૦૦ થી વધુ મહિલાઓએ મા અર્બુદાધામ પાલનપુર ખાતે એકઠા થઈ અને તમામ મહિલાઓએ મહેંદી મૂકી અને માતાજીના ઉત્સવને આનંદભેર ઉજવવા માટે આનંદવિભોર થઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ ઉત્સવમાં મહિલાઓએ એક અનોખી ભૂમિકા ભજવી હતી યજ્ઞશાળા લીંપણ માં પણ ૫૦૦૦ થી વધુ મહિલાઓ જોડાઈ હતી. જવારા વાવવામાં ૫૦૦૦ થી વધુ મહિલાઓ ભાગ ભજવ્યો હતો.

તેમ જ છેલ્લા બે દિવસથી દસ લાખ લાડુ બનાવવા માટે પણ બહેનોએ ખડે પગે સેવા બજાવી છે અને આ મહેદી મૂકવામાં પણ ૫,૦૦૦ થી વધુ મહિલાઓ એકઠી થઈ અને આ માના ઉત્સવને લઈને આનંદિત જોવા મળી હતી.આ સમગ્ર ઉત્સવમાં જ્યારે દસ લાખ લોકો માના દર્શન માટે આવવાના છે ત્યારે સમગ્ર તૈયારીઓ પૂર્ણ કરવામાં આવે છે તેમજ આવતી કાલે વહેલી સવારે એક લાખ લોકોની ઢોલ નગારા સાથે મા અર્બુદા માતાજીની ભવ્ય શોભાયાત્રા નીકળશે.

# બનાસકાંઠામાં માં અર્બુદા રજત જયંતિ મહોત્સવમાં સફાઈ અભિયાન તેજ...

પાલનપુર તા.૩



આજે સમગ્ર બનાસકાંઠાના ગામડાઓમાં આંજણા ચૌધરી સમાજના લોકો દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.દેશ સ્વચ્છ અને સુંદર બને તે માટે દેશનાં વડા પ્રધાન દ્વારા સ્વચ્છતા અભિયાન નું મિશન ચાલી રહ્યું છે.ત્યારે બનાસકાંઠા આંજણા ચૌધરી પટેલ સમાજ દ્વારા માં અર્બુદા રજત જયંતી મહોત્સવની ઉજવણીનાં ભાગ રૂપે જિલ્લાનાં તમામ ગામોમાં સફાઈ કરી ગામને સ્વચ્છ બનાવી સમાજના લોકો માતાજીના પ્રસંગમાં જોડાય તે માટે સમાજના વડીલો દ્વારા આહવાન કરાયું હતું.

જેના ભાગ રૂપે આજે દરેક ગામમાં લોકો જાતે સફાઈ કરી ગામને સ્વચ્છ બનાવે તે નેમ સાથે આજે દરેક ગામડાઓમાં વહેલી સવારથી આ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું .જેમાં દરેક ગામે વહેલી સવારથી કોઈ શરમ સંકોચ વિના હાથમાં સાવરણી ઝાડુ લઈને સરકારી નોકરિયાત, ખેડૂત તેમજ અન્ય વ્યવસાય સાથે જોડાયેલા યુવાનો, વડીલો દ્વારા ટ્રેક્ટર જેસીબી સહિત સાવરણા સાથે જાતે સફાઈ અભિયાન ધરયું હતું. મા અર્બુદાના રજત જયંતિ મહોત્સવને લઈને સૌથી મોટા મહાયજ્ઞનું આયોજન કરાયું છે ત્યારે સમગ્ર જિલ્લાના ચૌધરી સમાજના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આ પ્રસંગને અનુરૂપ આજે સમગ્ર જિલ્લાના ગામડાઓમાં સફાઈ અભિયાન હાથ ધરાયું છે. જેમાં તમામ ગામડાઓમાં લોકોએ માતાજીનાં પ્રસંગ ઉજવવાની સાથે સાથે પોતાના ગામોમાં જાતે સફાઈ કરી સ્વચ્છતા માટેનું એક અનોખો સંદેશ પાઠવ્યો હતો.